Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: **પરિપત્ર** :-

યુનિવર્સિટી સંલગ્ન વિનયન વિદ્યાશાખા હેઠળની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંસ્કૃત વિષયમાં સ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓએ કરવાની Internship ની આ સાથે સામેલ માર્ગદર્શિકા સ્વીકારી વિનયન વિદ્યાશાખાની તા.૨૮/૦૪/૨૦૨૫ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨૪ અન્વયે કરેલ ભલામણને સ્વીકારી એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૫/૨૦૨૫ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૫૯ થી મંજુર કરેલ છે. જેનો અમલ કરવા આથી જાણ કરવામાં આવે છે.

બિડાણઃ ઉપર મુજબ

ક્રમાંકઃઓથો./પરિપત્ર/૧૫૭૧૮/૨૦૨૫
તા.૨૪–૦૬–૨૦૨૫

કુલસચિવ

પ્રતિ,
૧) યુનિવર્સિટી સંલગ્ન વિનયન વિદ્યાશાખા હેઠળની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ.
.....આપશ્રીની કોલેજના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.
૨) ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
.....તરફ જાણ તેમજ અમલ સારૂ.

સંસ્કૃત વિષયમાં સ્નાતક (Undergraduate) કક્ષાએ ઇન્ટર્નશીપ

સંસ્કૃત વિષયમાં સ્નાતક (Under graduate) કક્ષાએ ઇન્ટર્નશીપ કરવી એક ઉત્તમ તક છે, જેમાં વિદ્યાર્થીને શૈક્ષણિક અને વ્યવસાયિક સ્તરે સંસ્કૃત ભાષા, સાહિત્ય, અનુવાદ, સંશોધન, ડિજિટલ હ્યુમેનિટીઝ વગેરે ક્ષેત્રે અનુભવ મળી શકે છે.

## સંસ્કૃત વિષય માટેની ઇન્ટર્નશીપ પ્રકારો:

૧. અનુવાદ ઇન્ટર્નશીપ:
૨. પ્રાચીન ગ્રંથોનો અંગ્રેજી/હિંદી/સ્થાનિક ભાષામાં અનુવાદ કરવો.
3. લિટરરી ટ્રાન્સલેશન અથવા ધાર્મિક ગ્રંથોનું ભાષાંતર.
૪. શોધકાર્ય (Research Internship):
૫. સંસ્કૃત સાહિત્ય, ધર્મશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, વ્યાકરણ વગેરે ક્ષેત્રે સંશોધન સહાયક તરીકે કાર્ય.
૬. મેન્યુસ્ક્રિપ્ટ એનાલિસિસ અથવા એડિટિંગ.
૭. ડિજિટલ હ્યુમેનિટીઝ અને ટેકનોલોજી આધારિત ઇન્ટર્નશીપ:
૮. સંસ્કૃત ટેક્સ્ટ ડિજિટાઈઝેશન, ઓટોમેટિક સંસ્કૃત એનાલિસિસ, ઈ-ગ્રંથાલયમાં સહયોગ.
૯. NLP (Natural Language Processing) સાથે સંસ્કૃતના પ્રોજેક્ટ્સ.

## શિક્ષણ આધારિત ઇન્ટર્નશીપ:

૧. શાળા/ટ્યુશન કે ઓનલાઈન પ્લેટફોર્મ પર સંસ્કૃત શિક્ષણમાં સહાયરૂપ બનવું.
૨. સંસ્કૃતભાષાના શિક્ષણ માટે સામગ્રી તૈયાર કરવી.
3. સાંસ્કૃતિક ઇન્ટર્નશીપ: સાંસ્કૃતિક સંસ્થાઓ/આશ્રમો/ધાર્મિક સંસ્થાઓમાં અનુવાદ, લેખન કે સંચાલન ક્ષેત્રે કાર્ય.

## સંસ્થાઓ અને સંભવિત પ્લેટફોર્મ:

1. **Rashtriya Sanskrit Sansthan –** નવી દિલ્હી
2. **Sampurnanand Sanskrit Vishwavidyalaya –** વારાણસી
3. **Jagadguru Ramanandacharya Rajasthan Sanskrit University –** જયપુર
4. **IGNCA (Indira Gandhi National Centre for the Arts) –** નવી દિલ્હી
5. **Sanskrit Promotion Foundation**
6. **Lokabhasha Charitable Trust, Dharohar Foundation,** વગેરે સંસ્થાઓ

7. **Online Platforms:**
   - Internshala
   - ResearchGate
   - Sahapedia
   - MyGov.in Internship Portal

## ઇન્ટર્નશીપના ફાયદાઓ

૧. સંસ્કૃતના પ્રવાહી જ્ઞાનમાં વૃદ્ધિ

૨. સંશોધન અને લેખનક્ષમતા મજબૂત થાય

3. સ્નાતકોત્તર અભ્યાસક્રમો માટે તૈયારી (જેમ કે Masters, NET, Ph.D.)

૪. પોર્ટફોલિયો માટે નમૂનાકાર્ય ઉપલબ્ધ થાય

૫. કેટલાક ઇન્ટર્નશીપમાં સ્ટાઈપેન્ડ પણ મળે

**ઇન્ટર્નશીપનાં મુખ્ય ક્ષેત્રો (Fields of Internship in Sanskrit)**

| ક્ષેત્ર | વર્ણન |
|---|---|
| ૧. અનુવાદ કાર્ય | વેદો, ઉપનિષદો, પુરાણો વગેરે ગ્રંથોના આધુનિક ભાષાઓમાં અનુવાદ કરવો. |
| ૨. શોધ સહાયક | સંશોધકના માર્ગદર્શન હેઠળ ચોક્કસ વિષય પર માહિતી એકત્ર કરવી, શ્લોકોનું વિશ્લેષણ કરવું, સંદર્ભ શોધવો. |
| 3. ડિજિટલ સંસ્કૃત **(Digital Sanskrit Projects)** | Manuscript digitization, OCR for Sanskrit, data annotation, etc. માટે કાર્ય કરવું. |
| ૪. શૈક્ષણિક સામગ્રી રચના | શાળાઓ કે ઓનલાઇન કોર્સ માટે ટ્યુટોરીયલ, વર્કશીટ, ક્વિઝ વગેરે તૈયાર કરવી. |
| ૪. મિડિયા અને સામાજિક પ્રસાર | સંસ્કૃત સુભાષિતો સંદર્ભે વીડિયો બનાવવો, YouTube કે Instagram પર સામગ્રી શેર કરવી. |
| ૫. સાંસ્કૃતિક કાર્યક્રમ વ્યવસ્થાપન | સંસ્કૃત સંબંધિત સેમિનાર, વર્કશોપ, કન્વેન્શન વગેરેમાં સ્વૈચ્છિક સેવા આપવી. |

આ ઉપરાંત નીચેના મુદ્દઓને આધારે પણ વિદ્યાર્થીઓ ઇન્ટર્નશીપ કરી શકશે.

1) શાળામાં જઈને શિક્ષકની હાજરીમાં સભા ભરી નાનાં બાળકોથી માંડીને ધોરણ- ૫ સુધીના સ્ટુડન્ટ્સને સંસ્કૃત શ્લોક શીખવવા, પોતાના ગામ, મહોલ્લામાં બાળકોને સંસ્કૃત અને સંસ્કૃતિ પ્રત્યે અનુરાગ જગાવવા માટે,' રામાયણ', 'મહાભારત'ના પ્રસંગો કહેવા.

2) લાઇબ્રેરીમાં જઈ સંસ્કૃત વિષયના ગ્રંથ જેમકે અલંકાર, વેદાંત, ન્યાય, જ્યોતિષ શાસ્ત્રના ગ્રંથોની હસ્તપ્રત હોય કે અભ્યાસક્રમ સિવાયનાં પુસ્તકો હોય તો તેનું અવલોકન કરી તેની વિશેષતાઓ જુદી તારવી નોંધ કરવી.

3) સંસ્કૃત પાઠશાળામાં જઈ ત્યાંના વિદ્યાર્થીઓના સંસ્કૃતભાષાની ઉપયોગિતા વિશે પ્રશ્નાવલી દ્વારા પ્રોજેક્ટ બનાવી શકાય. એ જ રીતે શાળાના વિદ્યાર્થીઓનો પણ પ્રોજેક્ટ આ મુજબ બનાવી શકાય.

4) જેમકે ,ઉપનિષદો, રામાયણ મહાભારત અને પુરાણોમાં કેટલીક કોમન વાર્તાઓ હોય તો તે કઈ, અને કેવો અને કેટલો ફેરફાર છે,તેનો અભ્યાસ

5) વર્તમાન ગુજરાતી શબ્દોમાં સંસ્કૃતના કેટલા શબ્દો તત્સમ,તદ્ભવ રીતે વાપરીએ છીએ તેના વિશે અભ્યાસ લેખ તૈયાર કરે.

6) અભ્યાસક્રમના કોઈક પુસ્તકમાં વપરાયેલા  શબ્દોનું નામ,ધાતુનું વર્ગીકરણ છંદો,અલંકારો,સમાસો નાટ્યની સંધિઓની સાથે પાત્રોનું મૂળભૂત કથાનક અને તેમાં કોણે કેટલા ફેરફાર કર્યા ?, આવા પ્રોજેક્ટ કરવી શકાય.

7) કોલેજની લાઇબ્રેરીમાં સંસ્કૃતના પુસ્તકો કેટલાં, વિષયમુજબ વર્ગીકરણ કરી તેનું કન્ટેન્ટ તૈયાર કરી શકાય.

સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબની ઈન્ટર્નશિપ આપીને તેઓના અભ્યાસને વધુ અર્થસભર બનાવી શકાય તેવો મારો નમ્ર અભિપ્રાય છે.

### 1) ડિજીટલ અને મિડીયા ક્ષેત્રે / ડિજિટલ કન્ટેન્ટ ક્રિએશન

સંસ્કૃતમાં ઓનલાઈન બ્લોગ, પોડકાસ્ટ, યુટ્યુબ ચેનલ્સ માટે સામગ્રી તૈયાર કરવાનો અનુભવ ડિજિટલ લાઇબ્રેરી અથવા ઈ-શિક્ષણ પ્લેટફોર્મ માટે સંસ્કૃત સામગ્રીનું ડેવલપમેન્ટ જેમ કે,

→ શ્લોક સ્પષ્ટોચ્ચારણ ઑડિયો રેકોર્ડિંગ

→ ઇન્ટરેક્ટિવ ક્વિઝ અથવા વીડિયો લેકચર્સનું નિર્માણ

→ સંસ્કૃતભાષા શીખવાની સરળ પદ્ધતિઓની ઈ-પુસ્તિકા તૈયાર કરાવવી

→ ઑડિયો-વીડિયો લેકચર્સ બનાવવા

→ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન બનાવડાવવા

### 2) સંશોધન આધારિત ઈન્ટર્નશિપ

→ વિદ્વાનોના માર્ગદર્શન હેઠળ કોઈ ગ્રંથ પર સંશોધન કાર્ય

→ સંસ્કૃત સાહિત્યમાં મહિલાઓની ભૂમિકા, સમાજવિજ્ઞાન, ઔષધવિજ્ઞાન જેવા વિષયો પર અભ્યાસ

### 3) શિક્ષણ અને તાલીમ આધારિત

→ શાળાઓ કે સંસ્કૃત શિક્ષણ આપતી સંસ્થાઓમાં સહશિક્ષક તરીકે કાર્યની સોંપણી કરી શકાય

→ શિક્ષણ પ્રક્રિયા, પાઠયોજના બનાવવી અને શીખવવાની પદ્ધતિઓનો અનુભવ આપી શકાય

### 4) સંગ્રહાલય કે લાઈબ્રેરી ઈન્ટર્નશિપ

→ પ્રાચીન હસ્તપ્રતોવાળી લાઇબ્રેરીઓ કે મ્યુઝિયમમાં રિસર્ચ આસિસ્ટંટ તરીકે કાર્ય

→ પ્રાચીન મેન્યુસ્ક્રિપ્ટ, પોથીઓનું સ્કેનિંગ તેમજ કેટલોગિંગ અને એનાલિસિસ
[ભાંડારકર ઓરિયન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ જેવી સંસ્થાઓ સાથે આ કામ કરી શકાય]

→ પ્રાચીન ગ્રંથોનો ગુજરાતી/ હિંદી/ અંગ્રેજીમાં અનુવાદ

→ શ્લોકોનું અર્થઘટન અને સમકાલીન સંદર્ભમાં વ્યાખ્યા, ટર્મિનોલોજી ડેવલપમેંટ તૈયારી કરાવી શકાય

→ આર્થિક, વૈજ્ઞાનિક કે ઐતિહાસિક સંદર્ભમાં સંસ્કૃત સાહિત્યનું વિશ્લેષણ કરાવી શકાય.

### 5) સાંસ્કૃતિક સંસ્થાઓમાં ઇન્ટર્નશિપ

→ સંગીત, નૃત્ય વગેરે ક્ષેત્રે સંસ્કૃતનો ઉપયોગ થતો હોય એવી સંસ્થાઓમાં કાર્ય કરી શકે.

→ સંગઠનાત્મક કાર્ય અને કાર્યક્રમ વ્યવસ્થાપનનું પણ શિક્ષણ મળી શકે.

### 6) શૈક્ષણિક તાલીમ મોડ્યુલ

→ વિદ્યાર્થીઓને પ્રાથમિક/માધ્યમિક સ્તરની સંસ્કૃતભાષા શીખવવાની તાલીમ

→ કોલેજકક્ષાએ આવા મોડેલ કે પાઠયોજનાઓ બનાવડાવી શકાય.